# જીવ અને ભગવાન વચ્ચે શાશ્વત સંબંધ

ધર્મરંગ
વ્યોમા સેલર

જીવો અને ભગવાન વચ્ચેનો સંબંધ શાશ્વત, અતૂટ અને આધ્યાત્મિક સ્વરૂપનો છે. માનવસહિત તમામ જીવ આત્માના ધારક છે અને આત્માનો મૂળ સ્ત્રોત ભગવાન માનવામાં આવે છે. એટલે કે ભગવાન સર્જનહાર છે અને તમામ જીવો તેમની સર્જનશક્તિના અંશરૂપ છે. આ કારણે જીવ અને ભગવાન વચ્ચેનો સંબંધ માત્ર ભૌતિક નહીં પરંતુ આત્મિક અને શાશ્વત ગણાય છે. ભગવદ્-ગીતા અને અન્ય ગ્રંથો કૃષ્ણ સાથેના ગાઢ સંબંધ માટે અર્જુનની પ્રશંસા કરે છે. અર્જુન તેના સખા-ભાવ માટે જાણીતો છે. સંબંધો વ્યાખ્યા દ્વારા પારસ્પરિક હોવાથી, અર્જુનને માત્ર કૃષ્ણના મિત્ર તરીકે ઓળખવામાં આવે છે પરંતુ કૃષ્ણ અર્જુનના મિત્ર તરીકે ઓળખાય છે. કૃષ્ણે અર્જુનનો રથ ચલાવ્યો હતો અને તેથી તેને પાર્થ-સારથિ, 'પાર્થ (અર્જુન)નો સારથિ' કહેવામાં આવે છે. આ નામ કૃષ્ણનો તેમના ભક્ત અર્જુન સાથેનો વિશેષ સંબંધ દર્શાવે છે. ભગવાન શ્રીકૃષ્ણ પાસેથી જીવનમાં ઘણું શીખવા મળે છે. તેમના દ્વારા અપાયેલું ગીતાજ્ઞાન આજે પણ જીવનમાં ઉતારવા જેવું છે. માત્ર ગીતાનું જ્ઞાન જ નહીં પણ ભગવાન શ્રીકૃષ્ણનું જીવન એક ઉપદેશ છે. જે જીવન કેવી રીતે જીવવું તે શીખવી જાય છે.



**મિત્રતાનો સંબંધ**

ભગવાન શ્રીકૃષ્ણ પાસે હજારો સખા એટલે કે મિત્રો હતા. શ્રીકૃષ્ણના સખા સુદામા, શ્રીદામા, મધુમંગળ, સુબહુ, સુબલ, ભદ્ર, સુભદ્ર, મણિભદ્ર, ભોજા, ટોકકૃષ્ણ, વરુથપ, મધુકંદ, વિશાલ, રસલ, મકરંદ, સદાનંદ, ચંદ્રહસ, બકુલ, શારદ, બુધિપ્રકાશ, અર્જુન વગેરે. બ્રહ્મવૈવર્ત પુરાણ મુજબ શ્રીકૃષ્ણની હજારો સખીઓ પણ હતી. આઠ ખાસ પ્રિય સખીઓ હતી. રાધા, લલિતા, વિશાખા, ચિત્રા, સુદેવી, ચંપકલતા, તુંગવિદ્યા અને ઈન્દુલેખા. આ સિવાય ભૌમાસુરથી મુક્ત થયેલી તમામ મહિલાઓ કૃષ્ણની પત્ની હતી. દ્રૌપદી શ્રીકૃષ્ણની મિત્ર હતી. શ્રીકૃષ્ણે અંત સુધી દરેક સાથે મૈત્રીસંબંધ જાળવી રાખ્યો.

**પ્રેમી કૃષ્ણ:**

વૃંદાવનની ગોપીઓ અને સખીઓ હતી, જે કૃષ્ણને પ્રેમ કરતી હતી. કૃષ્ણ ભક્ત કવિઓએ તેમની કવિતામાં ગોપી-કૃષ્ણની રાસલીલાને મહત્ત્વ આપ્યું છે.

પુરાણોમાં, ગોપી-કૃષ્ણના પ્રેમસંબંધને આધ્યાત્મિક અને ખૂબ વૈશ્વિક સ્વરૂપ આપવામાં આવ્યું છે. સખી રાધા, રૂકિમણી અને લલિતાની વધુ ચર્ચા થાય છે.

**પતિ કૃષ્ણ:**

ભગવાન શ્રીકૃષ્ણની આઠ પત્નીઓ હતી. રૂકિમણી, જાંબવંતી, સત્યભામા, મિત્રવંદ, સત્યા, લક્ષ્મણા અને કાલિંદી. આ આઠેય પટરાણીઓથી શ્રીકૃષ્ણને લગભગ ૮૦ પુત્રો હતા.

**શ્રી કૃષ્ણનાં માતા-પિતા:**

શ્રીકૃષ્ણનાં જન્મદાતા માતા-પિતા વસુદેવ અને દેવકી હતાં પરંતુ તેમનાં પાલક માતા-પિતા નંદબાબા અને માતા યશોદા હતાં. શ્રીકૃષ્ણને તેની સાવકી માતા રોહિણી વગેરે સાથે પણ સારા સંબંધો હતા.

**શ્રીકૃષ્ણના અન્ય સંબંધો:**

શ્રીકૃષ્ણને તેમની ફોઈઓ સાથે પણ ખૂબ સારા સંબંધો હતા, કુંતી અને સુતસુભા સાથે પણ સારી રીતે સંબંધ નિભાવ્યો હતો. તેમણે કુંતીને વચન આપ્યું હતું કે, હું તમારા પુત્રોની રક્ષા કરીશ અને સુતસુભાને વચન આપ્યું હતું કે, હું તમારા પુત્ર શિશુપાલના ૧૦૦ ગુનાઓ માફ કરીશ. એ જ રીતે, સુભદ્રાના લગ્ન કુંતીના પુત્ર અર્જુન સાથે કર્યાં હતાં. તે જ રીતે શ્રીકૃષ્ણે તેમના પુત્ર સંબના લગ્ન દુર્યોધનની પુત્રી સાથે કર્યા હતા.

**દુશ્મનાવટનો સંબંધ:**

સંબંધોની માફક દુશ્મની પણ સારી રીતે નિભાવી હતી. તેમણે કંસ, જરાસંઘ, શિશુપાલ, ભીમાસુર, કાલયવન વગેરે તમામ દુશ્મનોને સુધારવાની ઘણી તક આપી અને આખરે તેમનો વધ કર્યો હતો.

**રક્ષક કૃષ્ણ:**

ભગવાન શ્રીકૃષ્ણે કિશોરવયમાં ચાણુર અને મુશ્તિક જેવા ખતરનાક મલ્લોનો વધ કર્યો હતો. જ્યારે ઈન્દ્રે ક્રોધાવશ થઈને વૃંદાવન અને વ્રજ વિસ્તારમાં મહાપ્રલય કર્યો હતો ત્યારે ગોવર્ધન પર્વતને પોતાની ટચલી આંગળી ઉપર ઊંચકી લઈ ગામવાસીઓની રક્ષા કરી હતી. દ્રૌપદીનાં ચીર પણ પૂર્યાં હતાં.

**શિષ્ય કૃષ્ણ:**

કૃષ્ણ તેમના ભાગોમાં ભેદ પાડે છે કે તેઓ તેમની સાથે કેવી રીતે સંબંધિત છે. તે શરણાગતિનો સ્વીકાર કરે છે. જેમ તેઓ મને (ભગવાન શ્રીકૃષ્ણને) શરણાગતિ આપે છે, જેઓ સંપૂર્ણપણે તેમને શરણે છે અને સતત તેમની પ્રેમ અને ભક્તિ સાથે સેવા કરી રહ્યા છે. ભગવાન એક વ્યક્તિ છે અને જીવો પણ વ્યક્તિગત વ્યક્તિઓ છે, જો કે તેઓ મિનિટ છે અને પરમ ભગવાન અમર્યાદિત છે. જ્યારે આ પૂર્ણતા પ્રાપ્ત થાય છે, ત્યારે કૃષ્ણ અને ભક્તો વચ્ચે સાચી પારસ્પરિકતા થાય છે. કૃષ્ણ તેમના ભક્તોને પ્રિય છે અને ભક્તો તેમને પ્રિય છે.

> ભગવાન શ્રીકૃષ્ણ પાસેથી જીવનમાં ઘણું શીખવા મળે છે. તેમના દ્વારા અપાયેલું ગીતાજ્ઞાન આજે પણ જીવનમાં ઉતારવા જેવું છે. માત્ર ગીતાનું જ્ઞાન જ નહીં પણ ભગવાન શ્રીકૃષ્ણનું જીવન એક ઉપદેશ છે. જે જીવન કેવી રીતે જીવવું તે શીખવી જાય છે

જીવનો અંતિમ હેતુ ભગવાન સાથેનું પોતાનું સાચું સ્વરૂપ ઓળખવાનું અને આત્મિક મુક્તિ પ્રાપ્ત કરવાનો છે. જ્યારે મનુષ્ય અહંકાર, લાલચ અને સ્વાર્થને ત્યજી ભગવાનની શરણમાં આવે છે, ત્યારે તેને સાચા સુખ અને શાશ્વત આનંદની અનુભૂતિ થાય છે.

---

# બુચેર બોયા (બુચના બોયાં)

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

દક્ષિણેશ્વરમાં ઠાકુરની સાથે રહેતા સાથીઓ એક એકથી ચઢિયાતાં રાખાલ, હૃદય, નરેન્દ્ર, ભવનાથ, હાજરા કે બલરામ બધાની કામ કરવાની રીત નિરાળી પરંતુ ઠાકુર એવા આનંદી, સરળ અને રમૂજી હતા કે ગમે તે વિપરીત સ્થિતિમાં પણ સહજ રહેતા, જીવનના પ્રારંભથી જ તેમના આ સહજ વર્તનમાં પરમહંસપણાનું અંકુરણ દેખાય છે.

આ બધા શિષ્યો પૈકી એક બલરામ નામે શિષ્ય હતો. બલરામ વ્યવહારમાં કૃપણ કહેવાય ત્યાં સુધી કરકસરવાળા સ્વભાવનો હતો. ઠાકુરને એક વખત ઘોડાગાડી કરી કોલકતા જવું હતું. બલરામને તે કામ સોપ્યું બલરામે અકલ્પ્ય ભાડામાં ઘોડાગાડી શોધી! ફક્ત બાર આના! ઠાકુરે કહ્યું, આ ભાડું ઘણું ઓછું છે, ગાડીવાળો માની ગયો તે અલગ વાત છે પણ રસ્તામાં કૈંક અનર્થ થશે! અને ખરેખર તેવું જ થયું. રસ્તામાં ગાડી ભાંગી પડી! થોડે આગળ ચાલે જ નહીં! કોચમેને ચાબુકનો વરસાદ વરસાવ્યો પણ ઘોડો ડગ્યો નહીં! પછી તો કોચમેને પોતે ગાડીમાં જોડાઈ અને ગાડી સ્થાનક પર પહોંચાડી! ને ઘટના બન્યા પછી કોઈ પણ કામમાં અવ્યવસ્થા ઊભી થાય, તેને ઠાકુર આ તો 'બલરામની વ્યવસ્થા' તેમ કહીને ઉલ્લેખતા.

એક વખતે ઠાકુરે નટી બાઉલને કુબીરનું ગાન સંભળાવવા કહ્યું, નટીએ તો ઠાકુરની આજ્ઞા માથે ચઢાવી તે પદ સંભળાવ્યું :-

ડૂબ ડૂબ ડૂબ રૂપ સાગરે, આમાર મન!
તલાતલ પાતાલ ખુજલે,પાબિરે પ્રેમરતન !ખુજ ખુજ ખુજ ખુજલે પાબિરે, હ્રીદય માઝે વૃંદાવન !
દીપ દીપ દીપ જ્ઞાનેર બાતિ, હૃદિયે છલબે અનુખન !
ડેંગ ડેંગ ડાંગાય ડિંગે, ચાલ્ય આમાર સે કોન જન !
કુબીર બોલે સુન સુન સુન, ભાવ ગુરુર શ્રી ચરન !
ડૂબ ડૂબ ડૂબ રૂપ સાગરમાં, મારા મન !
તલાતલ પાતાલ જશે ત્યારે પામશે પ્રેમરતન !
ખોજ ખોજ ખોજ મળશે તને હૃદિય વચ્ચે વૃન્દાવન!
દીપ દીપ દીપ જ્ઞાનનો દીપક, હૃદિયે જલે છે પાવન !
નાવ અને એ ય ધરા ઉપર, કોણ ચલાવે, કોણ જણ!
કુબીર બોલે સુણ સુણ સુણ, ભજ ગુરુના શ્રી ચરણ !



આખું ગાન એકદમ ભાવથી, ગીત, સંગીત, નૃત્ય સાથે એવી રીતે રજૂ કર્યું કે ઠાકુર પણ સાથે નૃત્ય કરવા લાગ્યા. નટીદાસ ખૂબ જ પ્રસન્ન થઈ બોલ્યા, ''ઠાકુર! આમિ પાતાલેર પ્રેમરતન પયેછી!'' (ઠાકુર, હું તો આપની કૃપાથી પાતાળમાં રહેલ પ્રેમરત્ન પામ્યો!)

ત્યારે તો નટીદાસ ચાલ્યા ગયા પણ બે દિવસ પછી રાબેતા મુજબ આવ્યા ત્યારે રાખાલ, હાજરા, ભવનાથ વગેરે તેને કરબદ્ધ પ્રાર્થના કરતા ઊભા રહ્યા! અને ફરીથી કોઈ ગાન ન સંભળાવવા કાકલૂદી કરવા લાગ્યો! મૌડીનાર-આ ક્રિયા પછી પહેલીવહેલી કળ રાખાલને વળી અને તેણે નિવેદન કર્યું, બદ તારા ગયા પછી અમે પરેશાન થઈ ગયા! નટીએ પૂછ્યું. ''શું થયું? મારાથી કે અવિનય થયો?'' રાખાલે કહ્યું, ''તે બધું પૂછો ઠાકુરને!''

ઠાકુરે હસતાં હસતાં કહ્યું, 'તારા ગયા પછી બલરામ તે ગાન, સંગીત નૃત્ય સમેત ગાતો હતો! નટી, તને તો ખબર છે બલરામ વ્યવસ્થામાં જેવો છે તેવો જ ગાયન, વાદન, નર્તનમાં પણ છૂટછાટ લેનારો છે! આખા દક્ષિણેય તેને બે કલાક સુધી સતત સહન કર્યો! પછી દુ:ખ અસહ્ય થયું એટલે બધા માઈ પાસે આવ્યાં.

ઠાકુર બોલ્યા, મેં પણ ધ્યાનથી એક ઘડી સાંભળ્યો, પછી કહ્યું, 'બલરામ તોમાર અષ્ઠેર અંગે બુચેર બોયા બાંધ્યા આછે! તૂમિ નાઈ ડૂબિ ગો! કષ્ટ નેબેન ના! ( બલરામ! તારા આઠેય અંગે બુચના બોયા બાંધેલા છે! તું કોઈ રીતે ડૂબી-તળિયે જઈને રતન–નહીં પામી શકે, તકલીફ ન લે!)

ત્યારે બલરામની નૃત્ય, ગીતસંગીતની બેસૂરી, જગતપીડ સમાધિનો ભંગ થયો! અને દક્ષિણેશ્વરની મુક્તિ થઈ!(માછીમારો માછલી પકડવાની જાળને તરતી રાખવા માટે બુચના વૃક્ષના, પોચા લાકડાના ટુકડા (બોયાં) બાંધે, અહીં બલરામનાં આઠે અંગ પર ભાવસમાધિમાં ડૂબવા ન દેનારા મોહ, મત્સર વગેરે ષડરિપુઓનો બોયા તરીકે ઉલ્લેખ કરેલ છે!)

> ઠાકુરે હસતાં હસતાં કહ્યું, તારા ગયા પછી બલરામ તે ગાન, સંગીત- નૃત્ય સમેત ગાતો હતો! નટી, તને તો ખબર છે બલરામ વ્યવસ્થામાં જેવો છે તેવો જ ગાયન, વાદન, નર્તનમાં પણ છૂટછાટ લેનારો છે!